BRAPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

## સીટી ઓફ બ્રેમ્પટને એડવાન્સ બ્રેમ્પટન ફંડ (ABF) મારફતે

## ચેરિટી સંસ્થાઓ અને નોન-પ્રોફિટ સંસ્થાઓને ગ્રાન્ટ આપવાની ઘોષણા કરી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 6, 2021) – વર્ષ 2021 નાં એડવાન્સ બ્રેમ્પટન ફંડ (ABF) નાં ભાગરૂપે, સીટી ઓફ બ્રેમ્પટન 42 જેટલી બ્રેમ્પટન સ્થિત, નોન-પ્રોફિટ (નફો ન રળનારી) અને ચેરિટેબલ (ધર્માદા) સંસ્થાઓને ટેકો આપવા ગ્રાન્ટ્સ ફાળવી રહ્યું છે.

ગ્રાન્ટ્સ મેળવનાર સંસ્થાઓની યાદી સીટીની વેબસાઇટ પર જોઇ શકાય છે.

કાઉન્સિલે ઓક્ટોબર 2020 માં ઇમર્જીંગ, ડેવલપિંગ અને એમ્પ્લિફાઇંગ - ત્રણ સ્ટ્રીમ્સમાં સક્રિય પ્રોજેક્ટ્સ માટે ABF આપતા પ્રોગ્રામ ફ્રેમવર્કને મંજૂરી આપી હતી. ડેવલપિંગ અને એમ્પ્લિફાઇંગ પ્રોજેક્ટ સ્ટ્રીમ્સ માટેની અંતિમ તારીખ ફેબ્રુઆરી 3, 2021 હતી.

આ વર્ષે નવું ઇમર્જીંગ (ઉભરી રહેલાં) પ્રોજેક્ટ્સની સ્ટ્રીમ છે, જે બ્રેમ્પટનમાં નવા અને ઉભરી રહેલાં પ્રોજેક્ટ્સને સહાયતા કરે છે અને તેઓ ત્રિમાસિક ધોરણે અરજીઓ સ્વીકારે છે. અરજીઓ માટેનો બીજો કૉલ હવે ખુલ્લો છે. ઇમર્જીંગ પ્રોજેક્ટ્સ સ્ટ્રીમ $5,000 સુધીનું પ્રોજેક્ટને અનુરૂપ ભંડોળ બ્રેમ્પટન સ્થિત ચેરિટી અને નોન-પ્રોફિટ સંસ્થાઓને પૂરું પાડે છે. આ ગ્રાન્ટ મેળવવા માટે અરજી કરવાની અંતિમ તારીખ એપ્રિલ 30, 2021 છે. કાર્યક્રમની માર્ગરેખાઓ માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/ABF.

સીટી ઓફ બ્રેમ્પટનની અગ્રતાઓની પરિભાષામાંની એક *આરોગ્યપ્રદ અને સુરક્ષિત શહેર* પ્રત્યે ફાળો આપવાની છે. ABF પ્રોગ્રામમાં સામુદાયિક સુરક્ષા અને સુખાકારીને ઉભરતી જરૂરિયાત તરીકે ઓળખી હોવાને લીધે, સીટી ઓફ બ્રેમ્પટને સમુદાયમાં સામુદાયિક સુરક્ષા અને સુખાકારી પ્રોજેક્ટ્સને સહાયરૂપ થતી સંસ્થાઓને ભંડોળ આપ્યું છે.

સામુદાયિક સુરક્ષા માટે ABF *એમ્પ્લિફાઇંગ* સ્ટ્રીમ મારફતે પૂરી પાડવાની 2021 ની ગ્રાન્ટ્સમાંની એક બીગ બ્રધર્સ બીગ સિસ્ટર્સ ઓફ પીલને તેઓના મેન્ટરિંગ પ્રોગ્રામ્સ માટે આપવામાં આવી હતી. મેન્ટરિંગ પ્રોગ્રામ્સ બ્રેમ્પટનના જુવાનો સાથે હકારાત્મક યુવા વિકાસ, સામુદાયિક જોડાણ, મનોરંજનની તકો અને આગેવાની વિકસાવવાને પ્રોત્સાહન આપે છે.

સંસ્થાને $25,000 ચાર બ્રેમ્પટન ગ્રુપ મેન્ટરિંગ પ્રોગ્રામ્સને ભંડોળ આપવા મળ્યા; બે ટીન મેન્ટરિંગ ગ્રુપ પ્રોગ્રામ્સ; શેરિડેન કોલેજમાં એક 'બિગ્સ ઓન કેમ્પસ' ગ્રુપ મેન્ટરિંગ પ્રોગ્રામ; અને એક બ્લેક યુથ મેન્ટરિંગ પ્રોગ્રામ શરૂ કરવા, તે પણ શેરિડેન કોલેજમાં.

**અવતરણો (ક્વૉટ્સ):**

"સીટી ઓફ બ્રેમ્પટન સામુદાયિક જરૂરિયાતો સંતોષતા, સીટીની સેવાઓના પૂરક બનતા અને 2018-2022 નાં સમયગાળામાં કાઉન્સિલની અગ્રતાઓને આગળ વધારતા પ્રોજેક્ટ્સ આપવા તૈયાર ચેરિટી અને નોન-પ્રોફિટ સંસ્થાઓ દ્વારા ભજવવામાં આવતી અજોડ અને મૂલ્યવાન ભૂમિકાને માન્યતા આપે છે. અમે એડવાન્સ બ્રેમ્પટન ફંડ મારફતે બ્રેમ્પટનમાં આ રોકાણ ચાલુ રાખવામાં ગૌરવ અનુભવીએ છીએ."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"તહેવારો અને પ્રસંગોથી માંડીને, આપણાં જુવાનો અને વડીલોને આરોગ્ય અને સુખાકારી કાર્યક્રમો આપતી સ્થાનિક નોન-પ્રોફિટ સંસ્થાઓને ટેકો આપીને, સીટી ઓફ બ્રેમ્પટન આપણાં શહેર નિર્માણની અને આપણાં 2040 વિઝન તરફ આગળ દોરી જતી પહેલોને ટેકો આપવા

કટિબદ્ધ છે. અમે આપણું ABF મેળવતી સંસ્થાઓના અને તેઓ દ્વારા આપણાં સમુદાયને ટેકો આપવા કરવામાં આવતા અર્થસભર કાર્ય માટે તેઓના આભારી છીએ."

- *રોવિના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર વૉર્ડ્સ 1 અને 5; ઉપપ્રમુખ, કોર્પોરેટ સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"ઉભરી રહેલાં સ્ટ્રીમ પ્રોજેક્ટ્સ માટે ત્રિમાસિક ધોરણે અરજી કરવા રહેલી તક વડે, હું એપ્રિલના આ મહિનામાં બધી ચેરિટેબલ અને નોન-પ્રોફિટ સંસ્થાઓને અરજી કરવા પ્રોત્સાહિત કરું છું. તમારી સંસ્થાઓ બ્રેમ્પટન સમુદાયનું નિર્માણ કરતા કાર્યક્રમો પૂરા પાડે છે અને રહેવાસીઓના જીવનની ગુણવત્તામાં હકારાત્મક તફાવત ઊભો કરે છે."

- *હરકિરત સિંહ (Harkirat Singh), સીટી કાઉન્સિલર, વોર્ડ્સ 9 અને 10; પ્રમુખ, કોર્પોરેટ સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"એડવાન્સ બ્રેમ્પટન ફંડ રહેવાસીઓને લાભાન્વિત કરાવતા કાર્યક્રમો આપવા અને કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાને અનુરૂપ બનવા અને બ્રેમ્પટનની 2040 વિઝન યોજનાને ટેકો આપવા સમુદાયમાં ચેરિટેબલ અને નોન-પ્રોફિટ સંસ્થાઓ સાથે ભાગીદારી કરવા સીટી ઓફ બ્રેમ્પટનને સક્ષમ બનાવે છે. અમારી ટીમ આપણાં સમુદાયમાં ઘણાં લોકોનું જીવન ઉન્નત બનાવવા આ સમૂહો દ્વારા કરવામાં આવતા મહત્વપૂર્ણ કાર્યને ટેકો આપવા કટિબદ્ધ છે."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
ગુરવિંદર સિંઘ (Gurvinder Singh)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca